Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :22• Date : 19-10-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

# કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કરાયો




નવી દિલ્હી,

નવરાત્રીના તહેવાર પર કન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કર્યો છે. આ વધારા બાદ કર્મચારીને મળતું ડીએ હવે ૪૨ ટકાથી વધીને ૪૬ થઈ ગયું છે. સરકારના આ નિર્ણયથી દેશના લગભગ ૧ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકોને લાભ થશે. આ ઉપરાંત રવિ પાક પર એમએસપીઅને રેલવે કર્મચારીને બોનસની પણ મંજૂરી આપવામાં આવી છે.

કેન્દ્ર સરકારે આજે કેન્દ્રીય કર્મચારી માટે મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કર્યો છે એટલે હવે તે ૪૨ ટકાથી વધીને ૪૬ ટકા થયો છે. આ લાભ ૧ જુલાઈ ૨૦૨૩થી મળશે. ડીએમાં વધારા સાથે કર્મચારીઓના પગારમાં પણ વધારો થશે. આ ઉપરાંત કેન્દ્ર સરકારના પેન્શનધારકોને પણ લાભ મળશે. વર્ષ ૨૦૨૩ માટે સરકારે પ્રથમ સુધારો કરતા ૨૪ માર્ચ ૨૦૨૩ના રોજ ડીએમાં વધારો કરવાની જાહેરાત કરી હતી. ત્યારે ૩૮ ટકા ડીએમાંથી ૪ ટકા વધારીને ૪૨ ટકા કરવામાં આવ્યો હતો. હવે કેન્દ્રના કર્મચારીઓ અને પેન્શનધારકોને આજે મોંઘવારી ભથ્થામાં વધારાનો લાભ ૧ જાન્યુઆરી ૨૦૨૩થી મળશે. આ ઉપરાંત રેલવે કર્મચારીઓને બોનસ આપવા માટે મંજુરી આપવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે બેઠક બાદ જણાવ્યું હતું કે રેલવેના નોન-ગેઝેટેડ કર્મચારીઓને ૭૮ દિવસના પગાર જેટલું બોનસ આપવામાં આવશે. કેન્દ્ર સરકારે આજે ખેડૂતો માટે રવિ પાક પર એમએસપી વધારવાનો નિર્ણય લીધો છે. આ સાથે તેલીબિયાં અને સરસવના ભાવમાં ૨૦૦ રુપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે. તેમજ મસૂરની કિંમતમાં પણ ૪૨૫ રુપિયા ક્વિન્ટલ, ઘઉંના ભાવમાં ૧૫૦ રુપિયા પ્રતિ ક્વિન્ટલ, જવના ભાવમાં ૧૧૫ રુપિયા પ્રતિ ક્વિન્ટલ અને ચણાના ભાવમાં ૧૦૫ રુપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે સરકારે ચોથો નિર્ણય લદ્દાખ પ્રદેશ માટેનો છે. તેમણે કહ્યું હતું કે ઉર્જા મંત્રાલયે ૧૩ ગીગાવોટની નવીનીકરણીય ઉર્જા ક્ષમતા વિકસાવવાની યોજના બનાવી છે જ્યારે સોલાર પાવર પ્લાન્ટ બનાવવામાં આવશે ત્યારે તેમના માટે ટ્રાન્સમિશન લાઈન ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. લદ્દાખથી મુખ્ય ગ્રીડ સુધી લાવવા માટે ૫ ગીગાવોટ ક્ષમતાની લાઈનને મંજૂરી આપવામાં આવી છે.

## કેન્દ્રીય કર્મચારીઓ માટે એડહોક બોનસને કેન્દ્ર સરકારની મંજૂરી

નવી દિલ્હી,

કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓ માટે એડહોક બોનસને મંજુરી આપી દીધી છે. દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે તે પહેલા જ સરકારે કેન્દ્રીય કર્મચારીઓને સરકાર તરફથી મોટી ભેટ આપી છે.

નાણા મંત્રાલયે ગઈકાલે વર્ષ ૨૦૨૨-૨૩ માટે કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે બોનસની ગણતરી કરવાની મહત્તમ મર્યાદા ૭ હજાર રુપિયા નક્કી કરી છે. કેન્દ્ર સરકાર હેઠળના ગ્રુપ બી અને ગ્રુપ સીમાં આવતા નોન-ગેઝેટેડ કર્મચારીઓને પણ બોનસ મળે છે. આ ઉપરાંત કેન્દ્રીય અર્ધલશ્કરી દળો અને સશસ્ત્ર દળોના કર્મચારીઓને પણ એડહોક બોનસનો લાભ આપવામાં આવે છે. આ બોનસમાં તમને ૩૦ દિવસની સેલેરી જેટલા જ રુપિયા મળશે. આ ઉપરાંત આજે કેન્દ્ર સરકાર વધુ એક મોટી જાહેરાત કરી શકે છે. આજે સરકાર કેન્દ્રિય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (ડીએ)ને લઈને મોટી જાહેરાત કરી શકે છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ વખતે કેન્દ્રીય કર્મચારીઓને ભથ્થામાં ૪ ટકા સુધીનો વધારો જોવા મળી શકે છે.

## ઈઝરાયેલ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવા ઓઆઈસીની બેઠકમાં અપીલ

નવી દિલ્હી,

પેલેસ્ટિનિયન આતંકવાદી સંગઠન હમાસ અને ઈઝરાયેલ વચ્ચે ચાલ રહેલા યુદ્ધે હવે ભયંકર રૂપ લઈ લીધુ છે. આ યુદ્ધ વચ્ચે ઈરાનના મુસ્લિમ દેશોના સંગઠન ઓઆઈસીની બેઠકમાં તમામ સદસ્ય દેશોને ઈઝરાયેલ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાની અપીલ કરી છે. ઈરાને કહ્યું કે, સંગઠનના તમામ સદસ્યો દેશો ઈઝરાયેલ સાથે તેલ સહિત અન્ય પ્રકારના તમામ વેપારો પર પ્રતિબંધ લાદી દો. આ સાથે જ તેમણે કહ્યું કે, જે સદસ્ય દેશો સાથે ઈઝરાયેલના રાજદ્વારી સબંધો છે તેઓ ઈઝરાયેલી રાજદૂતોને હાંકી કાઢો. મંગળવારે ગાઝાની એક હોસ્પિટલમાં બ્લાસ્ટના કારણે મોટી સંખ્યામાં પેલેસ્ટિનિયન નાગરિકોના મોત થઈ ગયા હતા. જેદ્દા શહેરમાં ઓઆસીની એક ઈમરજન્સી બેઠક બોલાવી હતી. આ બેઠકમાં ઈરાનના વિદેશ મંત્રી હુસૈન અમીર અબ્દુલ્લાહિયાન સામેલ થયા હતા અને તેમણે ઈઝરાયેલ પર પ્રતિબંધ લાદવાની અપીલ કરી હતી.

## અમેરિકી પ્રમુખ ઈઝરાયેલના પ્રમુખ નેતન્યાહુને મળ્યા

### અમેરિકાના પ્રમુખ જો બાઈડેને અમેરિકા હમાસ સામેના યુધ્ધમાં ઈઝરાયેલની પડખે હોવાનું કહ્યું હતું

જેરુસલેમ,

ઈઝરાયેલ-હમાસ યુદ્ધ આજે ૧૨ દિવસ છે, ત્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન ઈઝરાયેલ પહોંચી ગયા છે. અહીં તેમણે ઈઝરાયેલના પ્રેસિડેન્ટ બેન્જામિન નેતન્યાહુ સાથે મુલાકાત કરી યુદ્ધ અંગે ચર્ચા કરી. આ દરમિયાન તેમણે કહ્યું કે, હું પોતે અહીં આવીને દર્શાવવા માંગતો હતો કે, અમે ઈઝરાયેલની સાથે છીએ. હમાસે બર્બરતા આચરી ઈઝરાયેલના લોકોની હત્યા કરી છે. તેઓ આએસઆઈએસથી પણ વધુ ખરાબ છે. ઈઝરાયેલને પોતાની રક્ષા કરવાનો સંપૂર્ણ અધિકાર છે અને તેમાં અમેરિકા તમામ પ્રકારે સાથ આપશે. અમે અમારું વચન નિભાવી રહ્યા છીએ. ઈઝરાયેલના પ્રેસિડેન્ટ નેતાન્યાહુએ ઈઝરાયેલ પહોંચેલા અમેરિકાના પ્રેસિડેન્ટ જો બાઈડેનનો આભાર માન્યો. નેતાન્યાહુએ કહ્યું, હમાસે એક દિવસમાં ૧૪૦૦થી વધુ ઈઝરાયેલીઓની હત્યા



કરી. હાલ ઈઝરાયેલ માટે સારી વાત એ છે કે, તેનો સાચો મિત્ર અમેરિકા તેની સાથે ઉભો છે. આ અગાઉ નેતન્યાહુએ તેલ અવીવના બેનગુરિઅન એરપોર્ટ પર બાઈડેનનું સ્વાગત કર્યું હતું. બાઈડેને નેતાન્યાહુને જોતાં જ ગળે લગાવ્યા હતા. આ દરમિયાન ઈઝરાયેલના રાષ્ટ્રપતિ ઈસસાક હર્ઝોગ પણ હાજર હતા. નેતન્યાહૂ સાથે મુલાકાત કરીને બાયડેને કહ્યું કે, અમે ઈઝરાયલની સાથે છીએ. હું અહીં આવીને અમારું સમર્થન વ્યક્ત કરવા માગતો હતો. તેમણે કહ્યું કે હમાસે ઈઝરાયલીઓની હત્યા કરી. બાયડેને કહ્યું અમે સંપૂર્ણપણે ઈઝરાયલની પડખે છીએ. દરમિયાન નેતન્યાહૂએ અમેરિકી રાષ્ટ્રપતિ સમક્ષ જ કહ્યું કે અમે હમાસનો અંત લાવીને જ ઝંપીશું. જોકે તેમણે કહ્યું કે હમાસ પેલેસ્ટાઈનનું પ્રતિનિધિત્વ નથી કરતું. તેમણે કહ્યું કે અમેરિકાએ જે કહ્યું હતું પૂરું કર્યું. આ અમેરિકા માટે પણ મુશ્કેલી ઘડી છે.

## તંત્રી લેખ

# મામ્ પાહિ ૐ ભગવતી ભવ દુઃખ કાપો

હે માં દુર્ગે! આપના સ્મરણ સાથે તમામ પ્રાણીઓના ભય દૂર થાય છે અને સ્વસ્થ વ્યક્તિની શ્રદ્ધાના ઉચ્ચ કલ્યાણ સાથે જ્ઞાન આપે છે. આપના સિવાય અમારા દુઃખ, દારિદ્રય તથા ભયને દૂર કરનારી દેવી કોણ છે જેમનું મન સૌના ભલા માટે ધબકે છે. શક્તિપર્વ નવરાત્રીની સમગ્ર દેશમાં શ્રદ્ધા અને શોખ મુજબ ઉજવણી થઈ રહી છે. ભારતની તમામ શક્તિપીઠ ઉપરાંત માતાજીનાં તમામ સ્થાનકે પણ પૂજાપાઠ અનુષ્ઠાન અને યજ્ઞા થઈ રહ્યા છે. પરમશક્તિમાં અખૂટ શ્રદ્ધા ધરાવતા ભક્તજન પણ પોતાની પરમ્પરા અકબંધ રાખવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આ એક એવી શ્રદ્ધા છે જેની સામે પ્રશ્નો કે ચર્ચા કરવાનો વિકલ્પ યોગ્ય નથી પરંતુ જયારે માતૃશક્તિ અને સ્ત્રી શક્તિની ઉપાસના વ્યાપક રીતે થઈ રહી છે ત્યારે ભારતીય સ્ત્રીની સ્થિતિ તથા ક્ષમતાઓ અંગે વિચારાય તે આવકાર્ય છે. હું દેવી નહિ, હું શક્તિ પણ નહિ, હું એક સામાન્ય સ્ત્રી છું. તો મારી પૂજા કઈ રીતે કરશો? જો મારું સન્માન ના થઈ શકે તો ઠીક છે, મારું અપમાન બંધ થશે ?

આ પૃથ્વી પરનો એક દિવસ એટલે કે માત્ર ચોવીસ કલાક એવા બતાવો જ્યાં અને જયારે કોઈ સ્ત્રીનું શોષણ ન થયું હોય, કોઈ સ્ત્રી પર અમાનુષી વર્તન, કોઈ સ્ત્રી સાથે અનયાય કે સ્ત્રી હોવાને કારણે તેને નબળી પુરવાર ન કરી હોય. આ શક્તિપર્વ ચાલી રહ્યું છે અને દુર્ગાના નવ સ્વરૃપોની આરાધના કરતા આપણે સૌ સ્ત્રીના કોઈ એક સ્વરૃપને પણ ખરા અર્થમાં સન્માનિત કરી શકીએ છીએ? માનવ સંસ્કૃતિના ઈતિહાસમાં સ્ત્રીની અતૂટ અને અખૂટ શક્તિ અંગે ઘણી કથાઓ છે. સાક્ષાત શક્તિસ્વરૃપાને અશક્ત સાબિત કરીને દેવીની પૂજા કરતા સમાજ અને પોતાની જાતને નબળી માનતી તમામ દીકરીઓ, બહેનો અને સ્ત્રીઓએ નવરાત્રીનો ઉત્સવ જુદી રીતે ઉજવવાનો સમય આવી ગયો છે. આપણે નવરાત્રીમાં મૂર્તિ બનાવીએ છીએ અને તેની પૂજા કરીએ છીએ. આપણા પરિવારની, આસપાસની કે પછી કોઈ પણ અજાણી સ્ત્રીને કેવી બનાવીશું ? રોજ અલગ અલગ સ્વરૃપે સામે આવતા મહિષાસુરના વધ માટે જરૃર છે માં દુર્ગાને જીવવાની .

દુર્ગાના મૂળમાં દુર્ગમ છે જેનો અર્થ ભયમુક્ત પણ થાય છે. કોઈ પણ પ્રકારના અવરોધ, વિચલનનો સામનો કરવાની ક્ષમતા એટલે દુર્ગા. આઠ હાથ ધરાવતા માં દુર્ગા સ્વયં સ્ત્રીની બહુવિધ ક્ષમતા અને એકસાથે વધુ કામ કરવાની સાહજિકતાને અભિવ્યક્ત કરે છે. નવરાત્રીના નવ દિવસના દુર્ગાના નવ અવતાર આજે પણ દરેક સ્ત્રી માત્ર પ્રસ્તુત છે . આપણા રોજિંદા જીવનના પ્રત્યેક પ્રયત્નો, મુશ્કેલીઓ, આનંદની તમામ ઉજવણીઓને વ્યાખ્યાયિત કરે છે. કોઈ પણ સંજોગોમાં કે કોઈ પણ સમસ્યામાં થાકીને હાર માની લેવાને બદલે પુરા આત્મવિશ્વાસ સાથે લડત શીખવતા આ પવિત્ર પર્વ છે. ગરબાના સ્ટેપ, લાઉડ મ્યુઝિક, સૌથી વધુ મહત્વ ધરાવતા પાસ અને ખાણીપીણીની જયાફતો સાથે શક્તિનો આવિર્ભાવ થાય, અભિવ્યક્તિ થાય અને આગળ જતા તે આપણા સૌના જીવનનો અનન્ય ભાગ બને એ જરૃરી છે. આપણી આસપાસ અને આપણી જામ રહેલી તમામ શક્તિ સ્વરૃપાને જાણીએ, સમજીએ અને જીવીએ. દેવી શૈલપુત્રી : આ સ્વરૃપ શક્તિ અને પ્રેમનો સંદેશ આપે છે. આપણે આજકાલ રી-ઈન્વેન્ટ શબ્દ સાંભળ્યો છે જેમાં આપણે આપણી જાતને ફરીથી શોધીએ છીએ. આપણી પ્રત્યેક ગઈકાલ એટલે કે ભૂતકાળમાંથી પ્રગતિ તરફનું પરિવર્તન કરીએ છીએ . આપણા દરેક સુધારા અને દરેક પરિવર્તન નિયત દિશામાં હોય, હકારાત્મક હોય તે જરૃરી છે.

આધુનિક જીવનમાં ઉદ્યોગ સાહસિક હોય કે કોઈ અન્ય કોર્પોરેટ વ્યવસાયિક હોય, એમની દરેક તાલીમમાં જાત તપાસ તથા નવેસરથી જાતની વ્યાખ્યા અગ્રીમ સ્થાને હોય છે . દેવી બ્રહ્મચારિણીઃ બ્રહ્મચારિણી અવતાર તપસ્યાનો પર્યાય છે. લક્ષ્ય સુધી પહોંચવા માટે માત્ર અને આપણને જે જોઈએ છે તે પ્રાપ્ત કરવા માટે કોઈપણ હદ સુધી જવા માટે માર્ગદર્શન આપે છે. ઉદ્યોગસાહસિક તરીકે, અમારે અમારા ધ્યેય વિશે સંપૂર્ણ રીતે સ્પષ્ટ રહેવાની જરૃર છે અને તેને હાંસલ કરવામાં સફળ રહેવાની જરૃર છે, કોઈપણ પ્રકારની અથવા સંખ્યાબંધ પડકારોનો સામનો કરવા છતાં નિશ્ચય સાથે આગળ વધવું જોઈએ. દેવી ચંદ્રઘંટાઃ આ અવતાર સકારાત્મક આભાનું મૂર્ત સ્વરૃપ છે. સચેત, જાગૃત તથા વ્યવસ્થિત રહેવાનું શીખવનાર માતા સંસારિક કષ્ટોથી મુક્તિ આપવાનું સૂચવે છે. પરણીને પોતાના નામ સાથે ઘર સાથે, ઓળખ બદલાવી નાખનાર છોકરી પત્ની થયા પછી જાણે સંસાર અને સમાજના બધા નિયમની, સંસ્કારની જવાબદારી એણે જ લેવાની હોય એમ બધો ભાર ઉપાડી લે છે. જે ઘટના કે કામ સમાન્ય રીતે કષ્ટની યાદીમાં આવી શકે તેવી દરેક ઘટના ને પાર્ટ ઓફ લાઈફ કહીને જીવી જાણે છે . માતા કુષ્માંડા : જેના ઉદરમાંથી બ્રહ્માંડ ઉત્પન્ન થયું તે માતા કુષ્માંડા આયુષ્ય અને આરોગ્યની વૃદ્ધિ સૂચવે છે.પતિના લાંબા આયુષ્ય માટે જયાપાર્વતીના વ્રતથી માંડીને કડવાચોથના વ્રત રાખતી હોય કે પોતાના માંદા બાળકના સ્વાસ્થ્ય માટે બાધા, માનતા અને ઉજાગરા પોષતી દરેક સ્ત્રી કુષ્માંડા છે.

### તમારો ટ્રાવેલ પ્લાન, લેટેસ્ટ ફોટો, નાણાકીય સ્થિતિના પૂરાવા તૈયાર રાખો

# ભારતમાં UK સરકારના વિઝા સેન્ટર મારફત અરજી કરી શકો છો

### માત્ર બ્રિટિશ પાસપોર્ટ ધારકો તથા યુકેના વેલિડ વિઝાધારકોને ટુરિસ્ટ વિઝાની જરૂર રહેતી નથી

નવી દિલ્હી,

મોટા ભાગના ભારતીયોએ યુકે જવું હોય તો તેના માટે ટુરિસ્ટ વિઝાની જરૂર પડે છે. માત્ર બ્રિટિશ પાસપોર્ટ ધારકો તથા યુકેના વેલિડ વિઝાધારકોને ટુરિસ્ટ વિઝાની જરૂર રહેતી નથી. ટુરિઝમ અથવા બિઝનેસના હેતુ માટે શોર્ટ ટર્મ વિઝા જોઈતા હોય તો યુકેના સ્ટાન્ડર્ડ વિઝિટર વિઝાની જરૂર પડે છે જેને યુકે ટુરિસ્ટ વિઝા પણ કહેવામાં આવે છે. ભારતથી દર વર્ષે હજારો લોકો ટુરિસ્ટ વિઝા પર યુકે જતા હોય છે. ભારતીય નાગરિકોએ યુકેના ટુરિસ્ટ વિઝા જોઈતા હોય તો શું કરવું તેની સંપૂર્ણ માહિતી અહીં આપી છે. તેમાં એપ્લિકેશનની પ્રોસેસથી લઈને બાકીની આખી પ્રક્રિયા સમજાવવામાં આવી છે. તમે ભારતમાં **UK** સરકારના વિઝા સેન્ટર મારફત અરજી કરી શકો છો. તેના માટે તમારી પાસે તમામ જરૂરી ડોક્યુમેન્ટ હોવા જરૂરી છે. વિઝા માટે આવશ્યક ડોક્યુમેન્ટમાં કેટલીક વખત ફેરફાર થતા હોય છે. તેથી યુકે સરકારની સત્તાવાર વેબસાઈટ પર નજર રાખો અને અપડેટેડ રહો. યુકેની કોઈ પણ ટ્રિપનું આયોજન કરતા અગાઉ સત્તાવાર વેબસાઈટ પરથી ટ્રાવેલ એડવાઈસ મેળવો. તમારા વિઝાનો આધાર તમારી નેશનાલિટી તથા તમે કેટલો સમય રોકાણ કરવાના છો તેના પર રહેશે. વિઝા ટાઈપના ગાઈડન્સ માટે પણ તમે યુકે સરકારની વેબસાઈટ જોઈ શકો છો.

સૌથી પહેલા તમારે એપ્લિકેશન ભરવાની રહેશે, તમારા પાસપોર્ટ સહિતના જરૂરી ડોક્યુમેન્ટ સોંપવાના રહેશે. તેની સાથે તમારો ટ્રાવેલ પ્લાન, લેટેસ્ટ ફોટો તથા નાણાકીય સ્થિતિના પૂરાવા આપો. તમારા રિટર્ન ટ્રાવેલ અને યુકેમાં ક્યાં રોકાવાના છો તેના કાગળ પણ આપવા પડશે. કેટલાક લોકોને વિઝા એપ્લિકેશન સેન્ટરની મુલાકાત લેવાની જરૂર પડશે જ્યાં તમારે ફોટો અને ફિંગરપ્રિન્ટ આપવા પડશે જેને બાયોમેટ્રિક્સ કહે છે. વિઝાના પ્રકાર અને કેટલો સમય રોકાવાના છો તેના આધારે વિઝાની ફી પણ અલગ અલગ રહેશે. આ તમામ પ્રોસેસમાં સારો એવો સમય જાય છે તેથી તેના માટે એડવાન્સમાં તૈયારી કરવી જરૂરી છે. એક વખત તમને વિઝા આપવામાં આવે ત્યાર બાદ તમે ટુરિઝમ માટે યુકેની મુલાકાત લઈ શકો છો. યુકેની મુલાકાત દરમિયાન તમે વિઝાની શરતોનું પાલન કરો તે જરૂરી છે, નહીંતર ઈમિગ્રેશનને લગતી સમસ્યાઓ પેદા થઈ શકે છે. યુકેના ટુરિસ્ટ વિઝા માટે અરજી કરો ત્યારે તેમાં ઓનલાઈન એપ્લિકેશન ફોર્મ ભરવાનું રહેશે. તેની સાથે તમારે તમામ જરૂરી ડોક્યુમેન્ટ સોંપવાના રહેશે. જરૂર પડે તો તમારે ઈન્ટરવ્યૂ માટે પણ જવું પડશે. તમે ટુરિસ્ટ વિઝા પર યુકે જવા માગતા હોવ તો તમારી ટ્રાવેલની તારીખથી ઓછામાં ઓછા ચાર મહિના અગાઉ ટુરિસ્ટ વિઝાની અરજી કરો તે જરૂરી છે.

### AIIMS ના રિપોર્ટમાં ખુલાસા બાદ કોર્ટનો ચુકાદો

# મહિલાને ૨૬ સપ્તાહના ગર્ભપાતની મંજૂરી આપવા સુપ્રીમનો ઈનકાર

### કોર્ટને જાણવા મળ્યું કે, ડિપ્રેશનથી પીડિત મહિલા જે દવાઓ લઈ રહી હતી તેનાથી બાળકને કોઈ નુકસાન થયું નથી, મહિલાના ગર્ભમાં બાળક સામાન્ય છે

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે ૨૬ અઠવાડિયાની ગર્ભવતી પરિણીત મહિલાને ગર્ભપાત કરાવવાની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે આ નિર્ણય એવા સમયે આપ્યો છે જ્યારે એઆઈઆઈએમએસના રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, મહિલાના ગર્ભમાં બાળક સામાન્ય છે. કોર્ટને જાણવા મળ્યું કે, ડિપ્રેશનથી પીડિત મહિલા જે દવાઓ લઈ રહી હતી તેનાથી બાળકને કોઈ નુકસાન થયું નથી.

વાસ્તવમાં જ્યારે શુક્રવારે આ મામલાની સુનાવણી થઈ ત્યારે ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની ખંડપીઠે એઆઈઆઈએમએસમેડિકલ બોર્ડને ગર્ભમાં રહેલા બાળક પર થતી અસર અંગે રિપોર્ટ દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. આ અંગે મહિલાએ પોતાની અરજીમાં કહ્યું છે કે, તે લેક્ટેશનલ એમેનોરિયા નામની બીમારીથી પીડિત છે. આ સિવાય તે ડિપ્રેશનમાં પણ છે અને તેની આર્થિક સ્થિતિ પણ સારી નથી.

તેથી, તે તેના ત્રીજા બાળકને ઉછેરવામાં સક્ષમ નથી. છેલ્લી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે મહિલાની હેલ્થ ચેકઅપ કરવાનો આદેશ આપ્યો હતો. આજે કોર્ટમાં રજૂ કરાયેલા નવા એઆઈઆઈએમએસના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ગર્ભમાં રહેલું બાળક સંપૂર્ણપણે સ્વસ્થ છે, બાળકને કોઈ સ્વાસ્થ્ય સમસ્યા નથી. કોર્ટે આદેશમાં ટાંક્યું કે જન્મ બાદ બાળકનું ધ્યાન અને તમામ તકેદારી સરકાર રાખશે. અગાઉ આ કેસની સુનાવણી બે જજોની બેંચ સમક્ષ થઈ હતી. ૧૧ ઓક્ટોબરે થયેલી સુનાવણીમાં બેન્ચે વિભાજિત ચુકાદો આપ્યો હતો. એક ન્યાયાધીશે ગર્ભપાતને મંજૂરી આપવા માટે અનિચ્છા વ્યક્ત કરી હતી, જ્યારે બીજા ન્યાયાધીશે કહ્યું હતું કે, મહિલાના નિર્ણયનું સન્માન કરવું જોઈએ. જસ્ટિસ હિમા કોહલીએ કહ્યું કે, કોર્ટ કહેશે કે 'ભ્રૂણના ધબકારા બંધ કરી દેવા જોઈએ'. તેણે કહ્યું કે તે મહિલાને ગર્ભપાત કરાવવાની મંજૂરી આપી શકે નહીં. તે જ સમયે જસ્ટિસ બીવી નાગરથનાએ કહ્યું કે કોર્ટે મહિલાના નિર્ણયનું સન્માન કરવું જોઈએ, જે ગર્ભપાત કરાવવા પર અડગ રહી છે. જસ્ટિસ કોહલી અને જસ્ટિસ નાગરથનાની બેન્ચે ૯ ઓક્ટોબરે આ આદેશ આપ્યો હતો.

### ચૂંટણીની જાહેરાત બાદ રાજસ્થાનમાં રાજકારણ ગરમાયું

# લોકોનું સમર્થન ન હોત તો અડધા ધારાસભ્યો સાથ છોડી દેત : ગેહલોત

## ટિકિટ આપતી વખતે ઉમેદવારોની જીતવાની ક્ષમતાને પણ જોવાશે એવો રાજસ્થાનના મુખ્યપ્રધાનનો દાવો



જયપુર,

ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત કર્યા બાદથી રાજસ્થાનમાં રાજકારણ ગરમાયું છે. મુખ્યમંત્રી અશોક ગેહલોતે પીએમ મોદી અને અમિત શાહ સામે તેમની સરકાર પાડી દેવા માટે કાવતરું ઘડવાનો આરોપ મૂક્યો છે. તેમણે કહ્યું કે જો મારી પાસે લોકોનું સમર્થન ન હોત તો મારા અડધા ધારાસભ્યો મારો સાથ છોડી જતાં રહ્યા હોત.

સીએમ અશોક ગેહલોતે કહ્યું કે રાજસ્થાન રાજકીય ચર્ચાનો હિસ્સો એટલા માટે નથી બન્યો કેમ કે અમિત શાહ, ગજેન્દ્ર શેખાવતે અમારી સરકાર પાડી દેવાના ઘણાં પ્રયાસો કર્યા. બની શકે કે તેમને પીએમ મોદીના આશીર્વાદ મળ્યા હોય. તેમણે મધ્યપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્રમાં સરકાર પાડી દીધા બાદ અહીં પણ સરકાર પાડી દેવાનો પ્રયાસ કર્યો પણ લોકોના આશીર્વાદ અમારી સાથે છે. સીએમ ગેહલોતે કહ્યું કે ટિકિટ આપતી વખતે ઉમેદવારોની જીતવાની ક્ષમતાને પણ જોવાશે. તેમણે કહ્યું કે સ્થાનિક સ્તરે પ્રજાનું કામ તો વર્તમાન ધારાસભ્યોના માધ્યમથી જ થયું છે તો તેમને કેવી રીતે ટિકિટની ના પાડી શકાય? તેમણે કહ્યું કે રાજ્યમાં કોંગ્રેસના ધારાસભ્યો ભ્રષ્ટ હોવાની અફવાઓ ભાજપ અને આરએસએસએ ફેલાવી છે. જો લોકતંત્ર બચાવવું હોય તો કોંગ્રેસને ફરી સત્તામાં લાવવી પડશે.

# દેશમાં ઉત્પાદન થતાં કાચા તેલ પર વિંડફોલ ટેક્સમાં ઘટાડો કરાયો

નવી દિલ્હી,

કેન્દ્ર સરકારે મંગળવારના રોજ દેશમાં ઉત્પાદન થતાં કાચા તેલ પર વિંડફોલ ટેક્સ ઘટાડીને ૯,૦૫૦ રુપિયા પ્રતિ ટન કરી દેવામાં આવ્યો છે. આ પહેલા ૨૯ સપ્ટેમ્બરના રોજ પુરી થતી સમીક્ષામાં દેશમાં ક્રુડ પર અનઅપેક્ષિત વિંડફોલ ટેક્સ વધારીને ૧૨,૨૦૦ રુપિયા પ્રતિ ટન નક્કી કરવામાં આવ્યો હતો.

આ સિવાય ડીઝલના નિકાસ પર વિંડફોલ ટેક્સ (સ્પેશિયલ એડિશનલ એકસીઝ ડ્યૂટી) (એસએઈડી)ઘટાડીને ચાર રુપિયા લીટર કરી દેવામાં આવ્યો છે, જે પાંચ રુપિયા પ્રતિ લીટર હતો. આ નવો દરે આજે એટલે કે, તા.૧૮ ઓક્ટોબરથી લાગુ કરી દેવામાં આવ્યો છે, આ પહેલા ૧૫ સપ્ટેમ્બરના રોજ સરકારે ૬૭૦૦ રુપિયા પ્રતિ ટનથી વધારીને ૧૦,૧૦૦ રુપિયા પ્રતિ લીટર કર્યો હતો. આજ રીતે વિમાનના ઈંધણ એટીએફ (એટીએફ) પર ૨.૫ રુપિયા પ્રતિ લીટરથી ઘટાડીને એક રુપિયો પ્રતિ લીટર કરી દેવામાં આવ્યો છે. પેટ્રોલ પર વિશેષ વધારાની એક્સાઈઝ ડ્યુટી પહેલાથી શુન્ય છે.

આ પહેલા કરવામાં આવેલી સમીક્ષામાં સરકારે ડીઝલના નિકાસ પર વિંડફોલ ટેક્સ ઘટાડવાનો નિર્ણય કરતાં કહ્યું હતું કે ૫.૫૦ રુપિયાથી ઘટાડીને ૫ રુપિયા પ્રતિ લીટર સુધી પહોચાડવામાં આવી હતી. આ સિવાય એવિએશન ટરબાઈન ફ્યુલ (એટીએફ) પર વિંડફોલ ટેક્સમાં ઘટાડો કરવામાં આવ્યો હતો, અને આ ૩.૫૦ રુપિયાથી ઘટીને ૨.૫૦ રુપિયા સુધી પહોચી ગઈ હતી.

દેશમાં પહેલીવાર ૧ જુલાઈ, ૨૦૨૨ ના રોજ આ પ્રેટ્રોલિયમ ઉત્પાદકો પર વિંડફોલ ટેક્સ લગાવવામાં આવ્યો હતો, તેના દ્વારા સરકારે તેલ કંપનિઓને થતા નફા પર નફો મેળવવાનો નિર્ણય કર્યો હતો. તેલ કંપનીઓને થઈ રહેલા નફા પર સરકાર વિંડફોલ ટેક્સ લગાવતી હતી. સ્થાનિક લેવલે નફો કમાવવા માટે ઓઈલ કંપનીઓ ભારતમાં તેલ વેચવાનું ટાળતી હતી, જેના પર લગામ લગાવવા માટે આ વિન્ડફોલ ટેક્સ લગાવવામાં આવે છે.

### સમગ્ર દેશમાંથી ફિલ્મી હસ્તીઓ અને સ્ટાર હાજર રહ્યા હતાં

# અભિનેતા અલ્લૂ અર્જૂનને પહેલી વાર મળ્યો એવોર્ડ

## રાજધાની દિલ્હીના વિજ્ઞાન ભવનમાં મંગળવારે ૬૯માં નેશનલ ફિલ્મ ફેયર એવોર્ડ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું



મુંબઈ,

વર્ષ ૨૦૨૧માં બનેલી ફિલ્મો માટે આયોજીત કરવામાં આવેલા આ સમારંભ ખૂબ જ ચર્ચામાં છે. એવોર્ડ જીતનાા સ્ટારને રાષ્ટ્રપતિના હસ્તે સન્માન મળ્યું હતું. કોરોના મહામારીના કારણે આ એવોર્ડ ૧ વર્ષ લેટ ચાલી રહ્યો છે.

અલ્લૂ અર્જૂનને ફિલ્મ પુષ્પા માટે બેસ્ટ એક્ટરના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. આલિયા ભટ્ટ અને કૃતિ સેનને ગંગૂબાઈ અને મિમી ફિલ્મ માટે બેસ્ટ એક્ટ્રેસના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. અહીં બંને એક્ટ્રેસને રાષ્ટ્રપતિના હાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. આલિયા ભટ્ટ જ્યારે સ્ટેજ પર ટ્રોફી લેવા પહોંચી તો તેના પતિ રણબીર કપૂર ચીયર કરતો જોવા મળ્યો હતો. દ નાંબી ઈફેક્ટને બેસ્ટ ફીચર ફિલ્મના સન્માનથી નવાજવામાં આવી છે. તેની સાથે જ ડાયરેક્ટર વિવેક અગ્નિહોત્રીની ફિલ્મ દ કશ્મીર ફાઈલ્સને નગરિસ દત્ત એવોર્ડથી સન્માનિત કરાઈ છે. તેની સાથે જ ડાયરેક્ટર સીજત સરકારની ફિલ્મ સરદાર ઉધમની પણ કેટલાય એવોર્ડ મળ્યા છે. આ ફિલ્મને બેસ્ટ હિન્દી ફિલ્મનો એવોર્ડ મળ્યો છે. તેની સાથે જ બેસ્ટ સિનેમેટોગ્રાફી, બેસ્ટ ઓડિયોગ્રાફી, બેસ્ટ પ્રોડક્શન ડિઝાઈન અને બેસ્ટ કોસ્ટ્યૂમ ડિઝાઈનનો એવોર્ડ પણ સરદાર ઉધમના ફાળે જાય છે. તેની સાથે જ ખ્યાતનામ એક્ટ્રેસ વહીદા રહમાનને દાદા સાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરાયા છે. આ એવોર્ડના વિનર્સના નામની ઘોષણા આ વર્ષે સપ્ટેમ્બર મહિનામાં કરી દેવામાં આવી હતી. જેનો એવોર્ડ સમારંભ મંગળવારે દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આયોજીત કરવામાં આવ્યો હતો. ડાયરેક્ટર નિખિલ મહાજન અને બકુલ મતિયાનીને બેસ્ટ ડાયરેક્ટરનો એવોર્ડથી સન્માનિત કરાયા છે. પલ્લવી જોશીને બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો છે. મિમી ફિલ્મ માટે પંકજ ત્રિપાઠીને બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો એવોર્ડથી સન્માનિત કરાયા છે.

# રાજકોટમાં નાની વયે હાર્ટ એટેકથી વધુ એક યુવકનું મોત

રાજકોટ,

નાની વયે હાર્ટ એટેકથી મોતનો સિલસિલો ગુજરાતમાં યથાવત છે. રાજકોટમાં વધુ એક યુવાકનનો જીવ હાર્ટ એટેકને કારણે ગયો છે. શહેરની ભાગોળે આવેલા નવાગામ આણંદપર ગામના વિપુલ રતિલાલ નામનાં ૩૨ વર્ષના યુવાનનું મૃત્યુ હાર્ટ એટેકને કારણે થયું છે. યુવાનના મૃત્યુને લઈને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. રાજકોટમાં છેલ્લા આઠ દિવસથી દરરોજ એક-બે યુવાનનાં હાર્ટ એટેકનાં કારણે મૃત્યુ થઈ રહ્યા છે. નોંધનીય છે કે, આજકાલ લોકો ૪૦ વર્ષની ઉંમરે અનેક ગંભીર બીમારીઓનો શિકાર બની રહ્યા છે. અગાઉ, મોટાભાગના લોકોને ૬૦ વર્ષની ઉંમરે હૃદય રોગનું જોખમ હતું. તે જ સમયે, મોટાભાગના લોકો ૪૦ વર્ષની ઉંમરે હાર્ટ એટેકનો શિકાર બને છે. પાછલા કેટલાક વર્ષોમાં, ૪૦ વર્ષની વયના કલાકારોથી લઈને સામાન્ય લોકો સુધીના દરેક લોકો હાર્ટ એટેકનો શિકાર બન્યા છે. હૃદય સંબંધિત બિમારીઓને કારણે મોટાભાગના લોકો નાની ઉંમરમાં જ મૃત્યુ પામી રહ્યા છે. સૌથી આશ્ચર્યની વાત એ છે કે લોકો ૪૦ વર્ષની ઉંમરે હાર્ટ એટેકનો શિકાર બની રહ્યા છે. ડોકટરો અને આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ભારતમાં હૃદયરોગના હુમલાના કેસ દિવસેને દિવસે વધી રહ્યા છે.

# ઠગોએ સુરતના હીરા વેપારીને નેપાળ બોલાવી ૬ લાખ લૂંટ્યા

સુરત,

સુરતના હીરા વેપારી સાથે ફરી એકવાર છેતરપિંડીની ઘટના ઘટી છે, એક ગઠીયા ટોળકીએ વેપારીને હીરા લેવા માટે નેપાળ બોલાવ્યા હતા, જ્યાં તેમની પાસેથી ૬ લાખથી વધુની રકમ લૂંટીને ફરાર થઈ ગયા હતા. ખાસ વાત છે કે, સુરતનો હીરા વેપારી સસ્તાં હીરા લેવાની લ્હાયમાં નેપાળ ગયો હતો, જ્યાં આ ઘટના ઘટી હતી. હાલ હીરા વેપારીએ આ ઠગ ટોળકી વિરુદ્ધ સુરતના ઉત્રાણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી પ્રમાણે, સુરતના વેપારીને સસ્તાં હીરા ખરીદવાનો શોખ ભારે પડ્યો છે. એક ઠગ ટોળકીને સુરતના હીરા વેપારીને સૌથી પહેલા સસ્તાં હીરા આપવાનું કહ્યું હતુ, બાદમાં આ હીરા વેપારી સસ્તાં હીરા ખરીદવાની લ્હાયમાં નેપાળ પહોંચ્યો હતો. ઠગ ટોળકીએ સુરતના હીરા વેપારીને કહ્યું હતુ કે, મુંબઈના હીરા બજારમાંથી એક પેઢીએ ઉઠમણું કર્યું છે.

# PMOમાં કામ કરુ છું, ખોટી ઓળખ આપી કરોડોના તૌડ કૌભાંડનો પર્દાફાશ

ડો. અગ્રવાલની ભારત અને વિદેશમાં ૧૦૦ થી વધુ આંખની હોસ્પિટલ છે, ડો. અગ્રવાલે વિનાયક આઈ હોસ્પિટલ, ઈન્દોરના એમડી ડો. પ્રણય અને અન્યો સાથે વેપારી સોદો કર્યો હતો




વડોદરા,

કિરણ પટેલની ચર્ચા સમી નથી ત્યાં પીએમઓનો નકલી અધિકારી બનીને બીજા ગુજરાતીએ ઠગાઈ કરી છે. વડોદરાના મયંક તિવારી સામે સીબીઆઈમાં ફરિયાદ નોંધવામાં આવી છે. સીબીઆઈએ મયંક તિવારીનું કારસ્તાન ઝડપી પાડ્યું છે. મયંક પરશુરામ તિવારીએ ચેન્નાઈની અગ્રવાલ હેલ્થ કેર લિમીટેડ હોસ્પિટલના ડોકટર અગ્રવાલને ઈન્દોરમાં આંખની હોસ્પિટલ શરૂ કરવા માટે રોકાણ કરેલા ૧૬ કરોડથી વધુ રૂપિયા પરત ન આપ્યા ન હતા. આ ઉપરાંત તે પીએમઓના નામે ધમકીઓ આપતો હતો. આ અંગે દિલ્હી સીબીઆઈએ વડોદરામાં રહેતા મયંક તિવારી સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. નોંધનીય છે કે, મયંક તિવારી વિનાયક આંખની હોસ્પિટલના ડો. પ્રણયની તરફેણમાં રૂ.૧૬.૪૩ કરોડના વિવાદનું સમાધાન કરવા ડો.અગ્રવાલ આંખની હોસ્પિટલના એમડી ડો.અગ્રવાલને ધમકી આપી રહ્યો હતો. આ અંગે મળતી માહિતી પ્રમાણે, ચેન્નાઈની અગ્રવાલ હેલ્થ કેર લીમીટેડ હોસ્પિટલના ડોકટર અગ્રવાલની ભારત અને આફ્રિકામાં ૧૦૦થી વધુ આંખની હોસ્પિટલ છે.

આ અંગેની ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, આરોપી મયંક તિવારીએ ડો. પ્રણય કુમાર સિંહ અને ડો. સોનુ વર્મા વતી ડો. અગ્રવાલને "મામલો પતાવવા" માટે ઘણા મેસેજ મોકલ્યા હતા. નકલી PMO અધિકારી બનીને ડો. અગ્રવાલ આંખની હોસ્પિટલના CEOને મોકલેલા મેસેજમાં લખ્યું હતું કે, મેં તમને પરસ્પર સંમતિથી મામલો ઉકેલવા વિનંતી કરી હતી અને તે તમારા પર નિર્ભર છે કે તમે આ મામલાને કેવી રીતે હેન્ડલ કરો છો. પીએમઓએ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તિવારીએ પોતાને પીએમઓમાં સરકારી સલાહકારોના ડિરેક્ટર તરીકે ગણાવ્યા હતા. અને તે આ આધારે કેટલાક લોકોને ધમકાવતો હતો. પીએમઓ તરફથી કહેવામાં આવ્યું કે, આ નામનો કોઈ વ્યક્તિ પીએમઓમાં કામ નથી કરી રહ્યો. ડો. અગ્રવાલની ભારત અને વિદેશમાં ૧૦૦ થી વધુ આંખની હોસ્પિટલ છે. ડો. અગ્રવાલે વિનાયક આઈ હોસ્પિટલ, ઈન્દોરના એમડી ડો. પ્રણય અને અન્યો સાથે વેપારી સોદો કર્યો હતો.

પરંતુ બાદમાં આ કરારનો અમલ થયો ન હતો અને છેતરપિંડી આચરવામાં આવી હતી. આ પછી ટ્રિબ્યુનલે ડો. પ્રણયને ડો. અગ્રવાલને આખી રકમ પરત કરવા કહ્યું હતું. પરંતુ પૈસા આપવાને બદલે તે મયંક તિવારીની આડમાં ડો.અગ્રવાલને ધમકાવી રહ્યો હતો. નોંધનીય છે કે, આ પહેલા અમદાવાદનો કિરણ પટેલ મોટો અધિકારી હોવાનું જણાવીને અને પોતે રાજકીય વગ ધરાવે છે તેવી ખોટી ઓળખાણ આપીને તથા દેખાવો ઉભો કરીને લોકો સાથે છેતરપિંડી કરતો હતો. કિરણ પટેલે જમ્મુ-કાશ્મીરમાં સિક્યોરિટી મેળવી હતી તે સહિતના મુદ્દે તપાસ કરવામાં આવશે. કિરણ પોતે કમ્પ્યુટર એન્જિનિયર હોવાનું જણાવતો હતો. તે પોતે એડ કંપનીમાં કામ કરતો હોવાની વિગતો પણ આપી હતી. કિરણ પટેલે પ્રાથમિક તપાસમાં વિદેશમાં નોકરી કરી હોવાનું પણ જણાવ્યું છે. જોકે, આ અંગે તપાસ કરવામાં આવશે તેમ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ચૈતન્ય માંડલિકે જણાવ્યું હતુ. કિરણે ક્રાઈમ બ્રાન્ચ સામે રોફ માર્યો હતો કે, કેમ તે સવાલના જવાબમાં ક્રાઈમ બ્રાન્ચના ડીસીપીએ જણાવ્યું કે, કિરણ પટેલે અત્યાર સુધી (ક્રાઈમ બ્રાન્ચ સામે રોફ) માર્યો નથી અને મને નથી લાગતું કે કોઈની હિંમત છે કે ક્રાઈમ બ્રાન્ચ આવીને રોફ મારે..

### સુરત બાદ અમદાવાદમાં પણ થઈ ફરિયાદ

# વિવાદીત ટિકટોક સ્ટાર કીર્તિ પટેલ ફરી આવી વિવાદમાં



અમદાવાદ,

શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા માનસી સર્કલ નજીકના ગોયલ પાર્કમાં રહેતા રમીલાબેન મકવાણાએ વર્ષ ૨૦૧૪માં રામનિવાસ અગ્રવાલ સાથે લગ્ન કર્યા હતા. જોકે, પતિ સાથે મનભેદના કારણે વર્ષ ૨૦૧૯માં છુટાછેડા લીધા હતા. પતિને આગળ પાછળ કોઈ ન હોવાથી છૂટાછેડા બાદ પણ રમીલાબેન તેમની સાથે રહીને તેમની સેવા કરી તેમના જ ઘરે રહેતા હતા. આ કેસમાં સોશિયલ મિડીયાથી જાણીતી બનેલી ટીક ટોક સ્ટાર કીર્તિ પટેલ ફરી વિવાદમાં આવી છે. એક મહિલાના ઘરે કીર્તી પટેલ અને તેની સાથે ગુડ્ડી પટેલ તથા અન્ય બે શખ્સોએ ઘૂસીને ઘરમાંથી નીકળી જવાનું કહી મારામારી કરતા વસ્ત્રાપુર પોલીસે ફરિયાદ નોંધાઈ છે. ચારેક દિવસ પહેલા રમીલાબેન ઘરે હાજર હતા ત્યારે બે સ્ત્રીઓ રામનિવાસ અગ્રવાલને મળવા આવી અને ઘરમાંથી નીકળવાનું કહીને બબાલ કરીને મારામારી કરવા લાગી હતી. ત્યારબાદ પોલીસ બોલાવતા આ બંને ફરાર થઈ ગઈ હતી. બાદમાં રમીલાબેનને જાણ થઈ કે તે જે સ્ત્રીઓ આવી હતી તેમાં એક કીર્તી પટેલ અને બીજી ગુડ્ડી પટેલ હતી.

સાથે જે શખ્સો આવ્યા હતા તેનું નામ વિરમ ભરવાડ અને મુકેશ ચૌધરી હતું. મારામારીના કારણે થોડા દિવસો બાદ દુખાવો થતાં રમીલાબેનને સારવાર માટે ખસેડાતા આ મામલે પોલીસને જાણ થઈ હતી. જેથી ફરિયાદી રમીલાબેને આ મામલે કીર્તી પટેલ, ગુડ્ડી પટેલ, વિરમ ભરવાડ અને મુકેશ ચૌધરી સામે ફરિયાદ નોંધાવતા વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધ્યો છે.

ત્યારે પોલીસે પ્રાથમિક તપાસ કરતા એવુ જાણવા મળ્યું કે, આ કેસમાં આરોપી વિરમ ભરવાડ કર્ણાવતી ક્લબ પાસે ખેતલાઆપા ટી સ્ટોલ ધરાવે છે. કીર્તિ પટેલની પણ ત્યાં અવર જવર રહેતી હોય છે. આમ પણ કીર્તિ પટેલે પહેલેથી જ ગાળાગાળી કરવામાં છેતરપીડી અને મારમારી જેવા વિવાદોથી ઘેરાયેલ છે. તેવામાં અગાઉ પણ અમદાવાદ અને સુરતમાં તેના વિરુદ્ધ મારામારી અનેં છેતરપિંડીના ગુના નોંધાઈ ચૂકેલા છે.

સુરતમાં છેતરપીંડીના ગુનામાં ફરિયાદી પોલીસ કમિશ્નર સુધી રજૂઆત પોહચીં હતી ત્યારે અમદાવાદના વસ્ત્રાપુરમાં પણ મારામારી ગુનામાં ધરપકડ થઈ ચૂકી છે. ત્યારે ફરી એલ વખત વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આમ ગેરકાયદેસર ઘુસી જઈ મારામારી કરવા અંગે કીર્તિ પટેલ સહિત ચાર સામે ફરિયાદ નોંધાતા પોલીસ શુ કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું.

# સાસણમાં પ્રવાસીઓ માટે સિંહ દર્શન ખુલ્લુ મુકાયું

જૂનાગઢ,

એશિયાટિક સિંહોનું આજથી વેકેશન પૂર્ણ થઈ રહ્યું છે. એટલે કે આજથી એટલે કે ૧૬ ઓક્ટોબરના રોજ સાસણમાં પ્રવાસીઓ સિંહ દર્શન કરી શકશે. સાસણમાં સિંહ દર્શન માટે ઓનલાઈન બુકિંગ આગામી ડિસેમ્બર સુધી ફૂલ થઈ ગયું છે. પ્રવાસીઓ ઓફિશિયલ વેબસાઈટ પરથી પરમિટ બુકિંગ કરે છે. દર વર્ષે ૧૬ જૂનથી ૧૫ ઓક્ટોબર સુધી ચાર મહિના સાસણ ગીર પ્રવાસીઓ માટે બંધ રહે છે.

ચોમાસું અને વન્ય પ્રાણીઓના પ્રજનન કાળને લઈને પ્રવાસીઓ માટે સાસણ ગીરમાં પ્રવેશબંધી હોય છે. દર વર્ષે ગીરનું જંગલ ૧૫મી જૂનથી ૧૬મી ઓક્ટોબર સુધી પ્રવાસીઓ માટે બંધ રહેતું હોય છે. છેલ્લી સીઝનમાં રેકોર્ડ બ્રેક સાડા સાત લાખ પ્રવાસીઓએ સાસણ ગીર જંગલ સફારીની મુલાકાત લીધી હતી. દિવાળીના તહેવારમાં સામાન્ય રીતે સાસણમાં પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટે છે. ત્યારે પ્રશાસન તરફથી પણ તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. સાસણમાં સિંહદર્શન માટે તૈયાર કરાયેલી ૭ જીપ જપ્ત કરવામાં આવી છે. બાવળા આરટીઓ દ્વારા ૭ નવી નક્કોર જીપ જપ્ત કરાઈ છે. જીપ મોડીફાઈ કરાઈ હોવાના કારણે જપ્ત કરવામાં આવી છે. RTOની પૂર્વ મંજૂરી વગર જીપના મૂળ સ્વરૂપમાં ફેરફાર કરાયા હોવાથી વાહનો જપ્ત થયા છે. મોડીફાઈ કરાયેલા વાહનો મૂળ સ્વરૂપમાં થશે પછી જ વાહન છોડવામાં આવશે.

લાખો રૂપિયાના ૭ વાહનો બાવળા RTOમાં રાખવામાં આવ્યા છે. ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડએ વિશ્વનું સૌથી મોટું એશિયાટિક સિંહ ગૌરવ શિલ્પ સ્થાપિત કર્યું છે. આ પ્રભાવશાળી શિલ્પ ફેરોસમેન્ટ સામગ્રીનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવ્યું હતું અને ૧૦મી ઑક્ટોબર ૨૦૨૩ના રોજ આંબરડી સફારી પાર્ક, ખોડિયાર ડેમ, ધારી, ગુજરાત ખાતે સ્થાપિત કરવામાં આવ્યું હતું. જેણે ૧૦મી ઑક્ટોબર ૨૦૨૩ના રોજ નવો રેકોર્ડ બનાવ્યો હતો. શિલ્પના માપમાં ૧૬૫ ફૂટની પાયાની લંબાઈ અને ૯૮ ફૂટની પહોળાઈનો સમાવેશ થાય છે. જ્યારે સિંહ અને સિંહણના શિલ્પો, પૂંછડીથી પૂંછડી સુધી, પહોળાઈ ૯૨ ફૂટ માપવામાં આવે છે. નાકથી પૂંછડી સુધીની લંબાઈ ૬૦ ફૂટ સાથે સિંહનું શિલ્પ ૩૧ ફૂટની ઊંચાઈનું છે, જ્યારે સિંહણનું શિલ્પ ૪૬ ફૂટની નાકથી પૂંછડીની લંબાઈ સાથે ૨૧ ફૂટની ઊંચાઈ ધરાવે છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya